International Year of Cooperatives
2025
Cooperatives Build a Better World

ગુજરાત રાજ્ય સહકારી સંઘ
(Accredited by NABARD, C-PEC (BIRD), Lucknow as Centre for Professional Excellence in Cooperatives
"સહયોગ" (તિલક) રિલીફ રોડ, અમદાવાદ - ૩૮૦ ૦૦૧.
ફોન : (૦૭૯) ૨૫૩૫૨૨૨૦/૧૫૪૪
E-mail : gscu@rediffmail.com • E-mail : info@gujaratscu.com
Website : www.gujaratscu.com

પરિપત્ર નં./૦૪/૨૦૨૬-૨૭ તા.૦૬/૦૮/૨૦૨૬

# પ રિ પ ત્ર

વિષય :- <u>સને ૨૦૨૫-૨૦૨૬ ના વર્ષમાં સારૂં કામ કરનાર મહિલા સહકારી મંડળીઓ માટે શિલ્ડ હરિફાઈ યોજવા બાબત.</u>

રાજ્ય સહકારી સંઘ સમગ્ર રાજયની સહકારી ક્ષેત્રની સંસ્થાઓના સંવર્ધનનું મહત્વનું કામ કરે છે. રાજયની વિવિધ સહકારી સંસ્થાઓને પ્રોત્સાહન આપવા પ્રતિવર્ષ શિલ્ડ હરિફાઈનું આયોજન કરે છે. ગુજરાત રાજ્ય સહકારી સંઘની શિલ્ડ સમિતિની **તા.૩૦/૧૧/૨૦૨૫ ના રોજ મળેલ સભાએ સને ૨૦૨૫-૨૬** ના વર્ષમાં સૌથી વધુ સિધ્ધિઓ હાંસલ કરનાર (પ્રાથમિક કક્ષાની) મહિલા સહકારી મંડળીઓ (મહિલા નાગરિક સહકારી બેન્કો સિવાય) માટે શિલ્ડ અને પ્રમાણપત્ર આપવાની હરિફાઈ સને **૨૦૨૬-૨૭** ના વર્ષમાં યોજવાનું ઠરાવવામાં આવેલ છે, અને દરેક જિલ્લામાં ત્રણ વિજેતા મંડળીઓને નીચેની વિગતે શિલ્ડ અને પ્રમાણપત્ર આપવામાં આવશે.

૧. પ્રથમ નંબરે આવનાર વિજેતા મંડળીને પ્રભાવક શિલ્ડ અને પ્રમાણપત્ર
૨. દ્વિતીય નંબરે આવનાર મંડળીને આકર્ષક શિલ્ડ અને પ્રમાણપત્ર
૩. તૃતીય નંબરે આવનાર મંડળીને શિલ્ડ અને પ્રમાણપત્ર.

<u>હરિફાઈના પ્રચાર અંગે</u>

રાજ્ય સહકારી સંઘની યોજના અનુસાર આ શિલ્ડ હરિફાઈના પ્રચાર માટે રાજય સહકારી સંઘ તરફથી જિલ્લા સહકારી સંઘો મારફતે જે તે પ્રકારની સહકારી મંડળીઓને પરિપત્ર મોકલવામાં આવે છે અને મંડળીઓને આ હરિફાઈમાં ભાગ લેવા અનુરોધ કરવામાં આવે છે. આ ઉપરાંત હરિફાઈ માટે વધુ પ્રસિદ્ધિ અને પ્રચાર થાય તે માટે નીચે જણાવ્યા મુજબના પ્રયાસો કરી શકાય.

૧) દરેક જિલ્લા સહકારી સંઘે હરિફાઈની વિગતોને યોગ્ય પ્રસિદ્ધિ આપવા માટે જિલ્લાની તમામ મહિલા સહકારી મંડળીઓને (મહિલા સહકારી બેંકો સિવાય) પરિપત્ર પાઠવવો.
૨) જિલ્લા સહકારી સંઘ દ્વારા પ્રસિદ્ધ થતા સામયિકમાં તેમજ સ્થાનિક દૈનિક કે સાપ્તાહિક સામયિકોમાં હરિફાઈના મહત્વના મુદ્દા અંગેની પ્રસિધ્ધિ કરવી.
૩) દરેક સી.ઈ.આઈ. તેમજ મહિલા સી.ઈ.આઈ.ઓએ તેમના કાર્યક્ષેત્રના તાલુકાઓમાં આવેલ મહિલા સહકારી મંડળીઓના ધ્યાન ઉપર આ હરિફાઈની વિગતો લાવવી. અને તેઓને પ્રવેશપત્રક ભરવામાં મદદ કરી પ્રોત્સાહિત કરવા જરૂરી છે. આ કામગીરીનો ઉલ્લેખ તેમણે તેમની માસિક ડાયરીમાં પણ કરવો.
૪) તમામ જિલ્લા રજિસ્ટ્રારશ્રીઓ તેમના અધિકારીઓ, વિસ્તરણ અધિકારીઓ મારફતે સારૂ કામ કરતી મહિલા સહકારી મંડળીઓ હરિફાઈમાં ભાગ લે તે માટે પ્રોત્સાહન આપે તેવી વિનંતી છે.

૫) જિલ્લા સહકારી બેન્કો તેમજ દૂધ ઉત્પાદક સંઘો તેમના અધિકારીઓ, ઈન્સ્પેકટરો, સુપરવાઈઝરો દ્વારા આ હરિફાઈનો વ્યાપક પ્રચાર કરે તે આવકાર્ય બની રહેશે.

**શ્રેષ્ઠ મંડળીઓની પસંદગી :–**

શિલ્ડ તેમજ ત્રણ ઈનામો આપવા અંગે ગુજરાત રાજ્ય સહકારી સંઘને ભલામણ કરવા માટે નીચે જણાવ્યા મુજબ જિલ્લા કક્ષાએ એક જિલ્લા શિલ્ડ પસંદગી સમિતિની રચના કરવામાં આવે છે.

૧. જિલ્લા સહકારી સંઘના અધ્યક્ષશ્રી અથવા તેમના પ્રતિનિધિ–અધ્યક્ષ

૨. જિલ્લા રજિસ્ટ્રારશ્રી સહકારી મંડળીઓ–સભ્ય

૩. જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સહકારી સંઘના અધ્યક્ષશ્રી અથવા તેમના પ્રતિનિધિ–સભ્ય

૪. ગુજરાત રાજ્ય સહકારી સંઘના પ્રતિનિધિ–સભ્ય

૫. જિલ્લા સહકારી સંઘના એક્ઝિકયુટિવ ઓફિસર/મેનેજર–સભ્ય

**પસંદગી અંગેના માર્ગદર્શક મુદ્દાઓ**

૧. શિલ્ડ હરિફાઈમાં ભાગ લેનાર મંડળીનો ઓડિટ વર્ગ 'અ' અથવા 'બ' હોવો જોઈએ. **સને ૨૦૨૫–૨૦૨૬** ના વર્ષમાં તેના સભાસદોને વધુમાં વધુ સેવાઓ આપેલી હોવી જોઈએ તેમના કામકાજ અને નાણાકીય ભંડોળ સંગીન હોવા જોઈએ.

૨. દરેક જિલ્લામાંથી ત્રણ મંડળીઓની પસંદગી તેમની કામગીરીની ગુણવત્તાના ધોરણે જ કરવાની છે અને ત્રણ મંડળીઓની પૂરેપૂરી સંખ્યામાં જ પસંદગી કરવી જરૂરી છે.

૩. મંડળીએ રાજ્ય સહકારી સંઘનું શિક્ષણફંડ નિયમિત ભરેલુ હોવું જોઈએ.

૪. રાજ્ય સહકારી સંઘના સામયિકો 'સહકાર' પાક્ષિક અને 'ગ્રામસ્વરાજ' માસિકનું લવાજમ મંડળીએ ભરેલું હોવું જોઈએ.

૫. મંડળીના હોદ્દેદારો, સામાન્ય સભ્યો અને કર્મચારીઓએ શિક્ષણની તાલીમ લીધેલ હોય તે આવકાર્ય છે. ઉપરોકત બાબતોનો સ્પષ્ટ ઉલ્લેખ પ્રવેશપત્રકમાં કરવો અનિવાર્ય છે.

૬. આ અગાઉ યોજાયેલ મહિલા સહકારી મંડળીની શિલ્ડ હરિફાઈમાં જે મંડળી પ્રથમ નંબર મેળવ્યો હોય તે મંડળી આ હરિફાઈમાં ભાગ લઈ શકશે નહિં.

જિલ્લા સહકારી સંઘની શિલ્ડ પસંદગી સમિતિના સભ્ય–મંત્રીએ હરિફાઈમાં ભાગ લીધેલ તમામ મંડળીઓની માહિતી સંકલિત કરી, માહિતી–પત્રકમાં પૂરેપૂરી માહિતી મોકલવી જરૂરી છે. તેની સાથે તમામ મંડળીઓના પ્રવેશપત્રકો, વાર્ષિક અહેવાલો, પેટાકાયદાની નકલો મોકલવી.

આ ઉપરાંત જિલ્લા શિલ્ડ પસંદગી સમિતિએ શ્રેષ્ઠ મંડળીઓની પસંદગી માટે કરેલ ઠરાવ સમિતિના અધ્યક્ષશ્રી તથા સભ્યમંત્રીએ સહી સાથેનો રાજ્ય સંઘને અવશ્ય મોકલવો.

૧. હરિફાઈમાં ભાગ લેનાર મહિલા સહકારી મંડળીઓએ મોડામાં મોડા **તા.૧૧/૦૯/૨૦૨૬** સુધીમાં પ્રવેશપત્રકો જિલ્લા સહકારી સંઘમાં મોકલી આપવા ત્યાર બાદ આ પ્રવેશપત્રકોની માહિતીની ચકાસણી કરી તેનું સંકલિત માહિતીપત્રક તૈયાર કરી સભ્યમંત્રીએ જિલ્લા શિલ્ડ પસંદગી સમિતિમાં રજુ કરવું.

૨. હરિફાઈમાં ભાગ લેનાર મંડળીઓની સંકલિત માહિતી ધ્યાનમાં લઈ જિલ્લા શિલ્ડ પસંદગી સમિતિએ ગુણવત્તાના ધોરણે ત્રણ મંડળીઓની પસંદગી શિલ્ડ અને પ્રમાણપત્ર માટે કરશે આ માટે સમિતિ પોતાનો સ્પષ્ટ અભિપ્રાય આપતો ઠરાવ કરશે.

૩ જિલ્લા શિલ્ડ પસંદગી સમિતિના સભ્યમંત્રી હરિફાઈ માટે મળેલ તમામ પ્રવેશપત્રકો મંડળીઓના વાર્ષિક અહેવાલો, પેટાકાયદાની નકલો, સંકલિત માહિતીપત્રક જિલ્લા પસંદગી સમિતિનો વિજેતા મંડળીઓ અંગેનો સ્પષ્ટ અભિપ્રાય આપતો ઠરાવ સહી–સિકકા સાથે **તા.૦૯/૧૦/૨૦૨૬** સુધીમાં જિલ્લા સહકારી સંઘ મારફતે રાજ્ય સહકારી સંઘને અચૂક મળી જાય તે રીતે મોકલી આપશો.

૪. ઉપરોકત ક્રમ (૩) માં જણાવેલ તમામ વિગતો અને જિલ્લા પસંદગી સમિતિનો અભિપ્રાય વિગેરે ધ્યાનમાં લઈ રાજય સહકારી સંઘની શિલ્ડ સમિતિ જે નિર્ણય લેશે તે શિલ્ડ અને પ્રમાણપત્ર આપવા માટે આખરી ગણાશે. સામાન્ય રીતે જિલ્લા પસંદગી સમિતિનો પોતાનો અભિપ્રાય આપતો ઠરાવ સર્વાનુમતે કરવો જરૂરી છે.

શિલ્ડ હરિફાઈમાં ભાગ લેવા ઈચ્છતી મહિલા સહકારી મંડળીઓએ ભરવાના પ્રવેશપત્રકો અલગ પોસ્ટ/આંગડીયા મારફતે જિલ્લા સહકારી સંઘોને મોકલી આપવામાં આવ્યા છે. જે મળ્યેથી અત્રે જાણ કરવા વિનંતી છે.

(ડૉ.રાજેન્દ્ર સી.ત્રિવેદી)
એક્ઝિકયુટિવ ઓફિસર

સામેલ :– પ્રવેશ પત્રક –૧

પ્રતિ,
શ્રી અધ્યક્ષ તમામ જિલ્લા સહકારી સંઘો.

<u>નકલ સવિનય રવાના :–</u>

૧. શ્રી રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ, ગુજરાત રાજય, ગાંધીનગર.
૨. શ્રી જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, (તમામ જિલ્લા)
૩. તમામ જિલ્લા મધ્યસ્થ સહકારી બેન્કો.
૪. તમામ જિલ્લા દૂધ ઉત્પાદક સહકારી સંઘો

<u>નકલ રવાના :–</u>

૧) તમામ સી.ઈ.આઈ./મહિલા સી.ઈ.આઈ, જરૂરી કાર્યવાહી કરવાની સૂચના સાથે
૨) શ્રી આચાર્ય ઈન્ચાર્જ
   તમામ સહકારી વ્યવસ્થાપન કેન્દ્રો
૩) શ્રી રિજિયોનલ ડાયરેકટર
   શ્રી ઉદયભાણસિંહજી રિજિયોનલ ઈન્સ્ટિટયુટ ઓફ કો.ઓપ.મેનેજમેન્ટ,
   ગાંધીનગર.

<u>નકલ રવાના પ્રસિધ્ધિ માટે</u>

સંપાદકશ્રી, 'સહકાર પાક્ષિક' અમદાવાદ.

# ગુજરાત રાજ્ય સહકારી સંઘ

'સહયોગ', રિલીફ રોડ, અમદાવાદ–૩૮૦ ૦૦૧.

મહિલા સહકારી મંડળીઓ માટેની શિલ્ડ હરીફાઈ યોજના (૨૦૨૫–૨૬)

---

## પ્રવેશ પત્રક

સને ૨૦૨૫–૨૬ ના વર્ષમાં સારૂં કામ કરનાર મહિલા સહકારી મંડળીઓની વિગતો દર્શાવતું પત્રક.

સુચના :– પ્રવેશપત્રક ભરતી વખતે નીચેની સૂચનાઓ ધ્યાનમાં લેવી.

૧) પ્રવેશપત્રક સાથે મંડળીના પેટા કાયદાની એક તેમજ છેલ્લા ત્રણ વર્ષના કામકાજનો અહેવાલ અને હિસાબની નકલો મોકલવી.

૨) શકય હોય ત્યાં સુધી સને ૨૦૨૫–૨૬ ના વર્ષના કામકાજની પણ વિગતો આપવી.

૩) કોઈ ખાનામાં વિગતો ઓછી પડે તો અલગ કોરા કાગળમાં વિગતો જણાવી પ્રવેશપત્રક સાથે સામેલ રાખવી.

૪) પ્રવેશપત્રક મંડળીના પ્રમુખ/ મંત્રીની સહી અને મંડળીના સિક્કા લગાવી મોકલવું.

૫) હરિફાઈમાં ભાગ લેતી મંડળીઓએ આ પ્રવેશપત્રકમાં સંપૂર્ણ વિગતો ભરી જરૂરી બિડાણો સાથે જિલ્લા સહકારી સંઘને મોડામાં મોડા તા.૧૧/૦૯/૨૦૨૬ સુધીમાં મળી જાય તે રીતે મોકલી આપવું. કોઈપણ મંડળીએ બારોબાર રાજય સંઘને પ્રવેશપત્રક મોકલવું નહિ.

૬) જિલ્લા સહકારી સંઘે પોતાની શિલ્ડ પસંદગી સમિતિના નિર્ણયોનો ઠરાવ (મંડળીઓના તમામ પ્રવેશપત્રકો, પેટા કાયદાની નકલો અને વાર્ષિક અહેવાલો સહિત) રાજય સંઘને મોડામાં મોડા તા.૦૯/૧૦/૨૦૨૬ સુધીમાં મળી જાય તે રીતે મોકલી આપવાના રહેશે.

---

### મહિલા સહકારી મંડળીઓ માટેની શિલ્ડ હરિફાઈ (સને ૨૦૨૫–૨૦૨૬)
### (પ્રવેશપત્રકમાં માંગેલ તમામ માહિતી વિગતવાર પૂરી પાડવી)

---

૧. મહિલા સહકારી મંડળીનું પૂરેપૂરૂં નામ : ..................................................

૨. સરનામું : ...........................................................................
સ્થળ : ...................... ગામ : ............ તાલુકો :........... જિલ્લો :............

૩. પ્રકાર : ઔધોગિક અથવા ગ્રાહક પ્રાથમિક કક્ષાની ગ્રાહક / દૂધ અથવા ઈતર (મહિલા નાગરિક બેંકો સિવાય)

૪. રજિસ્ટ્રેશન નંબર અને તારીખ : .........................................

૫. કામકાજ શરૂ કર્યા તારીખ : ....................................

| ૬. મંડળીના સભાસદોની સંખ્યા | તા.૩૧–૩–૨૦૨૫ ના રોજ | તા.૩૧–૩–૨૦૨૬ ના રોજ |
|---|---|---|
| અ. મંડળીઓ : | .......................... | ........................... |
| બ. વ્યકિતઓ : | .......................... | ........................... |
| કુલ | .......................... | ........................... |

૭. મંડળીનું કાર્યક્ષેત્ર :

૮. કાર્યક્ષેત્રમાં આવેલ મહિલા સહકારી મંડળીઓની સંખ્યા :

૯. મંડળી નીચે જણાયેલ સંસ્થાઓ સાથે જોડાયેલ છે ?
તેમના તરફથી કેવા પ્રકારની સેવાઓ/સગવડો મળે છે ?
(અ) જિલ્લા ઔધોગિક સહકારી સંઘ
(બ) જિલ્લા મધ્યસ્થ ગ્રાહક સહકારી ભંડાર
(ક) તાલુકા/જિલ્લા સહકારી ખરીદ વેચાણ સંઘ
(ડ) જિલ્લા મધ્યસ્થ સહકારી બેન્ક

૧૦. મંડળી કંઈ કંઈ સહકારી સંસ્થાઓનું સભ્યપદ ધરાવે છે ?

૧૧. હાલની વ્યવસ્થાપક સમિતિ અંગેની માહિતી :
(૧) વ્યવસ્થાપક સમિતિના સભ્યોની સંખ્યા
(૨) વર્ષ દરમ્યાન મળેલ વ્યવસ્થાપક સમિતિની સભાઓની સંખ્યા
(૩) છેલ્લી વાર્ષિક સાધારણ સભા મળ્યાની તારીખ અને હાજર સંખ્યા

૧૨. મંડળીની નાણાકીય સ્થિતિ :
(૧) શેરભંડોળ
(અ) સભ્યોનું પોતાનું રૂા.
(બ) સરકારશ્રીનો શેર ફાળો રૂા.
કુલ રૂા..........................
(૨) અનામત ભંડોળ રૂા.
(૩) અન્ય ભંડોળ રૂા.
(૪) થાપણો
૧. સભાસદોની રૂા.
૨. બિન–સભાસદોની રૂા.
કુલ રૂા. ..........................
થાપણ પર વ્યાજનો દર % ...............

૧૩. કરજ :
(૧) જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક પાસેથી રૂા.
(૨) સરકારશ્રી પાસેથી રૂા.
(૩) અન્ય સંસ્થાઓ/એજન્સીઓ પાસેથી રૂા.
કુલ રૂા. ..........................

૧૪. કામકાજનું ભંડોળ : રૂા.

૧૫. ધિરાણ :
(૧) રોકડ ધિરાણ રૂા.
(૨) ઉત્પન્ન માલના તારણ સામે આપેલ ધિરાણ રૂા.
(૩) ઉધાર માલ આપવાની યોજના છે ?
હોય તો કેટલી રકમનું આપ્યુ ? રૂા.
(૪) વસુલાતની પદ્ધતિ રોકડમાં કે માલ ઉત્પન્ન રૂપમાં ? રૂા.

૧૬. જમીન, મકાન, મશીનરી અને પ્લાન્ટમાં કુલ રોકાણ.
(વિગતો આપવી) રૂા.
જમીન :
મકાન :
મશીનરી :

૧૭. મંડળી કઈ વસ્તુઓનું ઉત્પાદન અને અથવા વેપાર કરે છે.
અ. કમિશનના ધોરણે વેચાણ–કરેલ ઉત્પન્નની કિંમત

| વર્ષ | કિંમત રૂા. | મેળવેલ કમિશન રૂા. |
|---|---|---|
| ૨૦૨૩–૨૦૨૪ | | |
| ૨૦૨૪–૨૦૨૫ | | |
| ૨૦૨૫–૨૦૨૬ | | |

બ. મંડળીએ સભ્યો પાસેથી સીધી ખરીદીના ધોરણે માલ ખરીદી વેચવાની વ્યવસ્થા કરી છે ? જો હોય તો કેટલી કિંમતની
૨૦૨૩–૨૦૨૪
૨૦૨૪–૨૦૨૫
૨૦૨૫–૨૦૨૬

૧૮. મંડળીએ પ્રાપ્ત કરેલ નફો/ખોટની વિગત :

| વર્ષ | નફો | ખોટ રૂા. |
|---|---|---|
| ૨૦૨૩–૨૦૨૪ | રૂા. | રૂા. |
| ૨૦૨૪–૨૦૨૫ | રૂા. | રૂા. |
| ૨૦૨૫–૨૦૨૬ | રૂા. | રૂા. |

૧૯. મંડળીએ જાહેર કરેલ ડિવિડન્ડના % (ટકા) અને ઓડિટ વર્ગ :

| વર્ષ | ડિવિડન્ડ % (ટકા) | ઓડિટ વર્ગ |
|---|---|---|
| ૨૦૨૩–૨૦૨૪ | | |
| ૨૦૨૪–૨૦૨૫ | | |
| ૨૦૨૫–૨૦૨૬ | | |

૨૦. મંડળીનું વેચાણ :
મંડળી ગ્રાહકોની જરૂરિયાતની બધી જ વસ્તુઓનો વેપાર કરે છે કે અમુક નકકી કરેલ કન્ટ્રોલની વસ્તુઓનો જ વેપાર કરે છે ? જો ખુલ્લા બજારની વસ્તુઓનો વેપાર કરતી હોય તો કઈ ચીજો હાલમાં રખાય છે, બન્ને પ્રકારના માલના વેચાણની મુશ્કેલીઓ જણાવો.

૨૧. માલની ખરીદી કેવી રીતે કરવામાં આવે છે ?

૨૨. માલની ખરીદ કિંમત અને વેચાણ કિંમત વચ્ચે કેટલો ગાળો–માર્જિન રાખવામાં આવે છે ?

૨૩. મંડળીના સભ્યોએ જાતે બનાવેલ ગૃહઉદ્યોગની ગૃહઉપયોગી વસ્તુઓ મરી–મસાલા, પાપડ, ભરત–સિવણ વિગેરેનું વેચાણ કરે છે ?

૨૪. ઉત્પાદકો/ગ્રાહકોને બીજી કોઈ સગવડો આપવામાં આવે છે ?

૨૫. (૧) મંડળી માલિકીની કે ભાડેથી અલગ ઓફિસ ધરાવે છે ?
(૨) મંડળી માલિકીનું કે ભાડાથી ગોડાઉન ધરાવે છે ?
(૩) ગોડાઉન માટે સરકારશ્રી તરફથી કોઈ લોન કે સબસીડી મળી છે ? મળી હોય તો કેટલી ?
(૪) મંડળીનું પોતાનું રોકાણ કેટલું છે ?

૨૬. મંડળીએ રાજય સંઘને શિક્ષણ ફંડનો ફાળો ભરેલ છે કે કેમ ?

| વર્ષ | ભરેલી રકમ રૂા. | તારીખ | પહોંચ નંબર |
|---|---|---|---|
| ૨૦૨૩–૨૦૨૪ | | | |
| ૨૦૨૪–૨૦૨૫ | | | |
| ૨૦૨૫–૨૦૨૬ | | | |

૨૭. મંડળીના કર્મચારીઓની વિગત :

| સભ્યનું નામ | હોદ્દો | સંખ્યા |
|---|---|---|
| ૧. | | |
| ૨. | | |

૨૮. મંડળીના કર્મચારીઓએ સહકારી /વ્યવસાયી તાલીમ મેળવેલ હોય તો તેની વિગત આપો.

૨૯. મંડળીમાં સહકાર વિષયક તેમજ મહિલા વિકાસ માટે કોઈ સામયિકો આવતાં હોય તો તેની વિગતો જણાવો.

૩૦. સભાસદ કલ્યાણ માટે મંડળીએ હાથ ધરેલ કાર્યક્રમો તેમજ પ્રવૃત્તિઓ જણાવો.

૩૧. કર્મચારી વિકાસ માટે મંડળીએ હાથ ધરેલ કાર્યક્રમો જણાવો.

૩૨. મંડળીના વિકાસના પ્રશ્નોની વિગતો દર્શાવો.

૩૩. ભાવિ વિકાસ કાર્યક્રમોની રૂપરેખા જણાવો.

૩૪. મંડળીએ જાહેર હિતનાં કરેલ કાર્યો–આપેલ નાણાકીય સહાયની વિગતો – છેલ્લા ત્રણ વર્ષમાં.

૩૫. અન્ય વિગતો :

સહી/–

સ્થળ :

પ્રમુખ/મેનેજર/મંત્રી

તારીખ :

મંડળીનો સિકકો